ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# હોળી પર્વે ધાણી અને ખજૂરના ભાવમાં રૂ. ૧૦થી ૨૦નો ઘટાડો

## મબલખ પાક ઉતરતાં ધાણીના ભાવમાં કડાકો : આ વર્ષે ઈરાની ખજૂરની આયાત વિપુલ પ્રમાણમાં થઈ

ગાંધીનગર, તા.૧૫

હોળી પર્વે બજારમાં ધાણી,ચણા અને ખજૂરની ધૂમ ખરીદી થઈ રહી છે. ખાસ કરીને ગત વર્ષની સરખામણીમાં ધાણી-ખજૂરના ભાવમાં પ્રતિ કિ.ગ્રા. ૧૦થી ૨૦નો ઘટાડો થતાં આર્થિક ફાયદાને લઈ ગ્રાહકો હરખાઈ ઉઠયા છે. હોળી પર્વે ઉપવાસ રાખીને ધાણી, ચણા અને ખજૂર ખાવાનો મહિમા છે. એટલું જ નહીં સાંજે શ્રધ્ધાળુઓ ધાણી-ચણા વધાવી હોળીનું પૂજન કરે છે. વસંત ઋતુના આગમન વેળા જુવારની ધાણી અને ખજૂરનો આહાર આરોગ્યની દૃષ્ટિએ પણ ઉત્તમ હોઈ હોળી પર્વ પ્રસંગે ધાણી, ચણા અને ખજૂરની ખરીદીની પરંપરા વર્ષોથી ઉત્સવની ઉજવણી સાથે વણાયેલી છે.

ચાલુ વર્ષે હોળી પર્વ પ્રસંગે જુવારની ધાણી અને ખજૂરનો ભાવ ગયા વર્ષની સરખામણીમાં પ્રમાણમાં ઘટયો છે. જુવારની મોળી ધાણીનો ભાવ આ વર્ષે ૬૦ અને નમકીન ધાણીનો ભાવ ૮૦ છે. જયારે મકાઈની ધાણીનો ભાવ ૨૦ ઘટીને ૧૦૦ થયો છે. આ ઉપરાંત દેશી ખજૂરનો કિ.ગ્રા.નો ભાવ ૧૦ ઘટીને ૫૦ થતાં ગ્રાહકોને આ વર્ષે હોળીની ખરીદીમાં ફાયદો થતો હોવાનું ચિત્ર ઉપસ્યું છે. જથ્થાબંધ વેપારી નરેશભાઈ કનોજિયાએ જણાવ્યું હતું કે આ વર્ષે ચોમાસુ સફળ રહેવાને કારણે જુવાર અને મકાઈનો મબલખ પાક ઉતર્યો છે. જેથી જુવાર-મકાઈની ધાણીનો ભાવ ઘટયો છે. આ ઉપરાંત ઈરાની ખજૂરની આયાત પણ આ વર્ષે વિપુલ જથ્થામાં થતાં ખજૂરનો ભાવ નીચો છે.

- જુવાર (ધાણી-મોળી) - ૬૦
- જુવાર (ધાણી-મીઠાવાળી) - ૮૦
- મકાઈ ધાણી - ૧૦૦
- ચણા - ૧૦૦
- ખારીસિંગ - ૧૨૦
- ખજૂર (દેશી) - ૫૦
- ખૂજર (સીડલેસ) - ૮૦
- કાળું ખજૂર - ૨૦૦
- હાઈડ - ૮૦
- ઘઉંની સેવ - ૬૦





(તસવીર : દિપક જાની)

# ધો-૧૦ વિજ્ઞાનમાં અટપટા એમસીકયુ

## ૪૦ પ્રશ્નો ટવીસ્ટ કરીને પૂછાતા પરીક્ષાર્થીઓને સમય ઓછો પડયો

ગાંધીનગર, તા.૧૫

ધો-૧૦માં આજે વિજ્ઞાન વિષયની પરીક્ષા યોજાઈ હતી. પાર્ટ-એમાં ૫૦ ગુણના એમ.સી.કયુ. પૈકી ૪૦જેટલા પ્રશ્નો ટવીસ્ટ કરીને પૂછાતા વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાયા હતા. સમાન્ય વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાનનું પ્રશ્નપત્ર અઘરું પુરવાર થયું હતું.

ધો-૧૦ની બોર્ડ પરીક્ષાના બીજા દિવસે વિજ્ઞાનનું પેપર પ્રમાણમાં વિદ્યાર્થીઓને અઘરું લાગ્યું હતું. ગુજરાતીના સરળ પ્રશ્નપત્ર બાદ આજની વિજ્ઞાનની કસોટીમાં પાર્ટ-બી અત્યંત સરળ હતો પરંત પાર્ટ-એમાં ૫૦ પૈકી ૪૦ જેટલા એમ.સી.કયુ. ફેરવીને પૂછાતા વિદ્યાર્થીઓ ગોથે ચઢયા હતા. વિષય નિષ્ણાત કીશોરસિંહ રાજપૂતના જણાવ્યા મુજબ એમ.સી.કયુ. પાઠયપુસ્તક આધારિત હતા પરંતુ અટપટી રીતે પૂછાતા પરીક્ષાર્થીઓને જવાબ આપવામાં સમય વધુ બગડયો હતો. ઉત્તર માટે વિચાર માંગી લે તેવા પ્રશ્નો ઉપરાંત પાર્ટ-બીમાં આકૃતિના ત્રણ પ્રશ્ને પણ વિદ્યાર્થીઓ માટે મુંઝવણ ઉભી કરી હતી. વિજ્ઞાનનું પ્રશ્નપત્ર પાઠયપુસ્તક આધારિત છતાં અઘરું પુરવાર થયું હતું. ધો-૧૦માં વિજ્ઞાન વિષયની જિલ્લામાંથી ૨૪૫૪૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૩૭૦ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. બીજા દિવસે પણ જિલ્લામાં ગેરરીતીનો એક પણ કીસ્સો ધ્યાને આવ્યો નથી. સૂત્રોના જણાવ્યા મુજબ પરીક્ષાની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

## ધોરણ-૧૨માં કેમેસ્ટ્રીનું પેપર લેન્ધી

### કેટલાક હોંશિયાર વિદ્યાર્થીઓ ત્રણ થી પાંચ ગુણના ઉત્તરો આપવાનું ચુક્યા

ગાંધીનગર, તા. ૧૬

ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં આજે કેમેસ્ટ્રીનું પેપર વિદ્યાર્થીઓ માટે અત્યંત લેન્ધી પુરવાર થતા ઘણા ખરા પરીક્ષાર્થીઓ ત્રણ થી પાંચ ગુણના પ્રશ્નોના જવાબ આપવાનું ચુકી ગયા હતા. થિયરીના લેન્ધી ઉત્તરોના લીધે પ્રશ્નપત્રને ઈનટાઈમ મેનેજ કરવુ મુશ્કેલ બન્યું હતું.

ધો. ૧૦ની જેમ ધો. ૧૨માં પણ વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રીનું પેપર પ્રમાણમાં અઘરૂ લાગ્યું હતુ. અલબત્ત પાઠ્યપુસ્તક આધારિત પ્રશ્નપત્રમાં કોઈ ભૂલો ન હતી. પરંતુ થિયરીના પ્રશ્નોના ઉત્તર આપવાનુ થોડુ કઠીન રહ્યું હતું. વિષય નિષ્ણાંત નયન ત્રિવેદી, ડી.બી. પટેલ તેમજ એચ.આર. પંડ્યાના મત મજુબ વિદ્યાર્થીઓનો થિયરીમાં વધારે સમય આપવો પડતો હતો. પાઠ્યપુસ્તક આધારિત અને ભૂલ રહીત પ્રશ્નપત્ર હોવા છતા સમયસર પરીક્ષા પુરી કરવાનું અઘરૂ પડ્યું હતું. થિયરીમાં ત્રણ માર્કના બદલે ૨ ગુણના પ્રશ્નોમાં લાંબા જવાબ આપવા પડ્યા હતા. એમ.સી.ક્યુના પ્રશ્નો સોલ્વ કરવામાં પણ વધુ સમય થતા વિદ્યાર્થીઓએ મુંઝવણ અનુભવી પડી હતી. પ્રશ્ન નં. ૧૨ અને ૩૩ ટ્વીસ્ટ કરીને પુછાયા હતા. આ સ્થિતિના લીધે હોંશિયાર વિદ્યાર્થીઓને પણ ૩ થી ૫ ગુણના પ્રશ્નોના ઉત્તરો આપવાનો સમય રહ્યો ન હતો.







(તસવીર : દિપક જાની)

હોલી હે... - રંગ અને ઉમંગનું પર્વ હોલી ગાંધીનગરની શાળાઓમાં સોમવારને બદલે શનિવારે જ ઉજવણી થઈ.... બે દિવસની રજાઓના પગલે આજે છેલ્લા બે પીરીયડમાં દરેક શાળાઓમાં રંગ ઉડાડી એકમેકને શુભેચ્છા આપી બાળકોએ વાતાવરણમાં ઉલ્લાસ અને ઉમંગ નિર્માણ કર્યો હતો... હેપ્પી હોલીની શુભેચ્છાઓ પાઠવી એકબીજા ઉપર રંગ ઉડડ્યા હતા અને વાતાવરણને રંગબેરંગી બનાવ્યું હતું.

# મત ગણતરી માટે કોમર્સ કોલેજમાં સ્ટ્રોંગરૂમ બનશે

## ૧૬ મે ના રોજ કાઉન્ટીંગની પ્રક્રિયાને અનુલક્ષી પૂર્વ તૈયારી

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૩૦ એપ્રિલના રોજ રાજ્યમાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષી મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે. જ્યારે મતગણતરી માટે સે. ૧૫ સ્થિત કોમર્સ કોલેજમાં સ્ટ્રોંગરૂમ તૈયાર કરવા ટુંકમાં કામગીરી હાથ ધરાશે.

આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષી મતદાન બાદ હાથ ધરાનારી કાઉન્ટીંગની પ્રક્રીયા માટે ટૂંકમાં પૂર્વ તૈયારીઓ શરૂ કરાશે. મતગણતરી માટે અલાયદી વ્યવસ્થા કરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ માટે સે. ૧૫ સ્થિત કોમર્સ કોલેજમાં ખાસ સ્ટ્રોંગરૂમ તૈયાર કરવામાં આવશે. આગામી તા. ૧૬મે ના રોજ કાઉન્ટીંગની પ્રક્રિયાને અનુલક્ષી તૈયાર થનારા આ સ્ટ્રોંગરૂમમાં જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. સ્ટ્રોંગરૂમ બહાર બેરીકેટીંગ સાયનેસીઝ બોર્ડ લગાવવા ઉપરાંત અવરજવર માટે ખાસ ગેટ પણ ઉભો કરાશે. સ્ટ્રોંગરૂમ તૈયાર કરવા માટે ટુંકમાં ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. ત્યારબાદ કામગીરી શરૂ કરવામાં આવશે.

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **બાલુસિંહ ગોબરસિંહ રાઓલ (બાલુભા સાહેબ)**નું દુઃખદ અવસાન તા. ૧૨/૩/૧૪ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૦/૩/૨૦૧૪ને ગુરૂવારે સવારે ૧૦ થી ૫ કલાકે** રાખેલ છે.

સ્થળ : શ્રી અભેસિંહજીનો માઢ, માણસા

ગં.સ્વ. હંસાબા બાલુસિંહ રાઓલ

| | |
|---|---|
| ચંન્દ્રસિંહ લક્ષ્મણસિંહ રાઓલ (ભત્રીજા) | મહેશસિંહ બાલુસિંહ રાઓલ (પુત્ર) |
| સુરેન્દ્રસિંહ રતનસિંહ રાઓલ (ભત્રીજા) | (મહામંત્રી-ગાંધીનગર મહાનગર ભાજપ) |
| કરણસિંહ લક્ષ્મણસિંહ રાઓલ (ભત્રીજા) | દિનેશસિંહ બાલુસિંહ રાઓલ (પુત્ર) |
| રાજેન્દ્રસિંહ રતનસિંહ રાઓલ (ભત્રીજા) | ઈન્દ્રજીતસિંહ હિંમતસિંહ ભાટી (જમાઈસા) |

દાદાના વહાલા ભૂલકાઓ - ઉપાસના, દેવલ, રિદ્ધિ, રાજવીર, ધનંજય

ફર્મ : એગ્રો સર્વિસ સેન્ટર - પેથાપુર, તા.જી. ગાંધીનગર

મો. ૯૮૨૪૧ ૬૧૨૧૫, ૯૯૨૪૭ ૧૬૨૧૫

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અર્ચી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

# હોળીમાં પશ્ચિમી પવન સારા વરસાદનુ સૂચક

ગાંધીનગર, તા. ૧૬

આગામી ચોમાસુ સારૂ રહેશે કે નહી તેનો વર્તારો હોળીના પવનથી કરવાનો રીવાજ છે. જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલ કહે કે સામાન્યતઃ હોળીએ ઉનાળાના મુખમાં આવતો તહેવાર છે. આ તહેવારનું મહત્વ પરંપરાગત, સાંસ્કૃતિક તેમજ ધર્મ પરત્વેના તહેવારનું પણ છે. હોળી એટલે 'હોલા' એટલે કે નવુ ધાન્ય, સામાન્ય રીતે નવા ધાન્ય અંગે કૃષિ દૃષ્ટિએ પણ તહેવાર ગણાય. ઉત્તર ભારતમાં વાર તહેવારનું મહત્વ ઘણું છે. બરસાનાની રાધીકાનું ગામની લાઠીમાર હોળી પણ જાણીતી છે. અહી સામાન્ય રીતે મોસમ અંગેનો વિચાર કરતા હોળીનું અવલોકન આવનાર ચોમાસાના પવનના અવલોકનનું પણ રહેલુ છે. તેમજ ખગોળ દૃષ્ટિએ સૂર્ય-ચંદ્રના પ્રતિબિંબનું પણ મહત્વ છે. પવન અવલોકનની પરંપરા રાજ્યના ઘણા ગામમાં પણ હોળી પ્રગટાવવાથી થતી હોય છે. અહીં પાલજની હોળી પ્રખ્યાત છે. હોળીમાં ચાર ધજાઓ રોપવામાં આવે છે તેનો મુખ્ય આશય પવન અવલોકનનો રહેલો છે. હોળી ઠંડી તાપીને જાય તો સારૂ સામાન્ય રીતે સૂર્યાસ્ત પછી પ્રગટાવાતી હોળીનો પવન શિયાળુ એટલે કે ઉત્તર તરફનો હોય તો શિયાળો લંબાય પણ વરસ સારૂ આવે. જ્યારે ઈશાનના પવનથી ઠંડી પડવાનું સૂચન કરે છે. પણ વરસ સારૂ આવે સામાન્ય રીતે ઉનાળામાં ઉનાળુ પવન વાયવ્ય પશ્ચિમ કે નૈઋત્ય સુધીનો સારો, હોળી પ્રગટાવતી વખતે વાયવ્યનો પવન પણ સારા વરસાદનો કોલ સુચક છે. પશ્ચિમના પવનથી વાડી ના સુકાય. અવારનવાર વરસાદ આવ્યા કરે, નૈઋત્યના પવનથી વાયરીયુ ખેંચાય એટલે શરૂઆતમાં વરસાદ થઈ વચ્ચે વરસાદ ખેંચાય. દક્ષિણના પવનથી વરસ નબળુ રહે. અગ્નિ ખૂણાનો પવન દુષ્કાળસૂચક ગણાય. પૂર્વેનો પવન ખંડવૃષ્ટિ સૂચવે છે. આકાશ તરફ જતો પવન રાજ્યકર્તાને ભય ગણાય. નૈઋત્યના પવનથી તીડ આદીનો સંભવ રહે. જ્યારે દિશાના વાતા પવન પણ

● અનુસંધાન પાન-૭ પર

# હોળી દહનમાં ૧૦ હજાર મણ લાકડા ઉપયોગમાં લેવાશે

## અંદાજિત ૧૫૦ સ્થળોએ હોળીદહનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

અસત્ય પર સત્યનો વિજય ભક્ત પ્રહલાદની શ્રદ્ધા ભક્તિને લઈ ઉજવાતા હોળીના રંગબેરંગી પર્વમાં હોળી દહનનું ધાર્મિક રીતે વિશેષ મહત્વ છે. જિલ્લામાં અંદાજિત ૧૫૦ સ્થળો પર હોળીદહન કરવામાં આવે છે. આ વર્ષે પણ હોળીદહનમાં ૧૦ હજાર મણ લાકડા બાળવામાં આવશે. જો કે હોળીદહનના સ્થાનકો વધતા ઉદ્ભવતા પ્રદૂષણને લઈને પણ પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા જન્મી છે.

સત્ય અને ધર્મના વિજયના પ્રતિકરૂપ હોળીના પર્વમાં વાતાવરણ રંગીન બની જાય છે. હોલીકાદહન બાદ ધુળેટીના દિવસે નગરનુ જનજીવન પણ કલરફૂલ બની જાય છે. જ્યારે હોલીકાદહન માટે પણ નગરજનોમાં ઉત્સુકતા જોવા મળે છે. ધાર્મિક દૃષ્ટિએ હોળીદર્શનનુંપણ વિશેષ મહત્વ છે ત્યારે સેક્ટરોમાં અને ગ્રામ્ય વિસ્તારમાં હોળીકાદહનનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક યોજાય છે. વર્ષો જતાં હવે ઘણા ઠેકાણે હોળીદવન થાય છે. હાલ જિલ્લામાં અંદાજિત ૧૫૦ સ્થળોએ હોળીદહન થાય છે. જેમાં હજારો મણ લાકડાનો

● અનુસંધાન પાન-૭ પર




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.




Rajdhani Hardware

G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011

Ph: 079-23229033, M-9825033740

SANGHI CEMENT

C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500

TMT BARS - ISI

ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત

તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com